RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 297* Date: 17.08.2023,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મોદી કેબિનેટે 'વિશ્વકર્મા યોજના'ને આપી મંજૂરી



૭૭માં સ્વતંત્રતા દિવસના અવસર પર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરતી વખતે કારીગરો અને કારીગરો માટે 'વિશ્વકર્મા યોજના'ની જાહેરાત કરી હતી. મોદી કેબિનેટે બુધવારે આ યોજનાને મંજૂરી આપી દીધી છે. તેનું પૂરું નામ ર 'વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના' અથવા ઁર વિકાસ યોજના' (ઁર વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના - ઁર ફૈંદ્બદ્બજી) છે. આ યોજના ચોક્કસ શૈલીમાં કુશળ કામદારો માટે હશે. આ વિશ્વકર્મા યોજનામાં ૧૩ થી ૧૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.વિશ્વકર્મા દિવસના અવસરે એટલેકે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ 'વિશ્વકર્મા યોજના' શરૂ કરવામાં આવશે. આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ પણ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરીએ રજૂ કરેલા સામાન્ય બજેટ દરમિયાન આ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ, માત્ર નાણાકીય મદદ જ નહીં, પરંતુ તાલીમ, આધુનિક ટેક્નોલોજી અને ગ્રીન ટેક્નોલોજી, બ્રાન્ડ્સનું પ્રમોશન, ડિજિટલ પેમેન્ટ્સ અને સ્થાનિક અને વૈશ્વિક બજારો સાથે કનેક્ટિવિટી સાથે સામાજિક સુરક્ષા વિશે પણ માહિતી પ્રદાન કરવામાં આવશે.

વિશ્વકર્મા યોજનાની વિશેષતાઓઃ-

આ યોજના હેઠળ નવા કૌશલ્યો, સાધનો, ક્રેડિટ સપોર્ટ અને માર્કેટ સપોર્ટ આપવામાં આવશે.

આ યોજના હેઠળ બે પ્રકારની કૌશલ્ય તાલીમ આપવામાં આવશે - મૂળભૂત અને અદ્યતન.

તાલીમ દરમિયાન રોજનું ૫૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે.

આધુનિક સાધનો ખરીદવા માટે સરકાર ૧૫,૦૦૦ રૂપિયાની સહાય આપશે.

એક લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે. આના પર મહત્તમ ૫% વ્યાજ મળશે.

એક લાખના સમર્થન પછી, આગામી તબક્કામાં ૨ લાખ સુધીની લોન મળશે.

બ્રાન્ડિંગ, ઓનલાઈન માર્કેટ એક્સેસ જેવા સપોર્ટ આપવામાં આવશે.

## ગુજરાત કોંગ્રેસે શરૂ કરી લોકસભાની તૈયારીઓ, મતદારોને રિઝવવા સમગ્ર રાજ્યમાં પદયાત્રા કરશે




અમદાવાદઃ ગુજરાત કોંગ્રેસમાં હવે નવા પ્રાણ ફૂંકવા માટે હાઈકમાન્ડે રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલને પ્રદેશ પ્રમુખનો તાજ પહેરાવ્યો છે. ત્યારે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં આગામી લોકસભાની ચૂંટણી માટેની તૈયારીઓ અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આગામી સમયમાં કોંગ્રેસના સંગઠનમાં પણ ફેરફાર થવાની શક્યતાઓ બેઠકમાં વ્યક્ત કરવામાં આવી હતી. તે ઉપરાંત નવા સંગઠનને લઈને પણ તૈયારીઓ તેજ કરી દેવાઈ છે. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાના બીજા તબક્કાની પણ આ બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં આગામી સમયમાં સંગઠનને મજબૂત કરવા માટે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યાં છે. જે કાર્યકરો નિષ્ક્રિય ભૂમિકા ભજવી રહ્યાં છે તેમને પક્ષ બહારનો રસ્તો દેખાડી દેવામાં આવશે તેવુ કોંગ્રેસના સુત્રો જણાવી રહ્યાં છે. તે ઉપરાંત નવું સંગઠન રચાય તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે. હવે આગામી સમયમાં પક્ષના જે હોદ્દેદારો છે તેમની જવાબદારીનું મૂલ્યાંકન પણ કરવામાં આવશે. તેમને મળેલી જવાબદારી અને જવાબદેહી પણ નક્કી કરવામાં આવશે. જેથી હવે આગામી સમયમાં કોંગ્રેસના સંગઠનમાં મોટા ફેરફાર થાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

તાજેતરમાં જ એવી ચર્ચાઓ સામે આવી હતી કે, વાયનાડના સાંસદ અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનો બીજો ભાગ ગુજરાતથી શરૂ કરવામાં આવશે. આ બાબતેની ચર્ચાઓ પણ બેઠકમાં થઈ હોવાનું જાણવા મળ્યું છે.

## અમદાવાદમાં વધુ એક બિલ્ડીંગમાં આગ લાગી



અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારમાં આવેલી અવધ આર્કેડ બિલ્ડિંગમાં અચાનક આગ ફાટી નીકળતાં લોકોમાં નાસભાગ થઇ હતી. આગના કારણે ફાયરબ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો સાથે આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યો હતો. માહિતી અનુસાર બિલ્ડિંગની લિફ્ટમાં આગ લાગી હોવાથી આગ લાગ્યાનું અનુમાન કરવામાં આવ્યું છે.

આગ લાગવાનો કોલ મળતા જ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો સાથે લોકોને બચાવવા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયુ હતું. બિલ્ડીગ માં આગ લાગવાથી ડરી ગયેલા કેટલાક લોકોએ છલાંગ લગાવી પોતાનો જીવ બચાવ્યો હતો. આ આગ કયા કારણોસર લાગી હતી, તે હજી માહિતી પ્રાપ્ત થઇ નથી.

પરંતુ હાલ માં ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવીલેવાયો છે. જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## હિમાચલમાં ભારે વરસાદને કારણે ૬૦ લોકોના મોત, અનેક મકાનો ભૂસ્ખલનની લપેટમાં



દેશના પહાડી રાજ્યોમાં ફરી એકવાર ભારે વરસાદે તબાહી મચાવી છે. વારંવાર ભૂસ્ખલનની લપેટમાં ઘણા ઘરો આવી ગયા છે, જ્યારે ઘણા મોટા રસ્તાઓ પર અવરજવર બંધ થઈ ગઈ છે. હિમાચલથી અત્યાર સુધી ૬૦ લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. હિમાચલ પ્રદેશમાં ફરી એકવાર ભારે વરસાદે ભારે તારાજી સર્જી છે. હિમાચલમાં વરસાદના કારણે અત્યાર સુધીમાં ૬૦ લોકોના મોત થયા છે. શિમલાના લાલ પાણી વિસ્તારમાં વધુ એક મોટો અકસ્માત થયો છે. જ્યાં અનેક મકાનો ભૂસ્ખલનની લપેટમાં આવી ગયા હતા. જ્યાં કેટલાક લોકો કાટમાળમાં દટાયા હોવાની આશંકા છે. શિમલાના કૃષ્ણા નગરમાં ભૂસ્ખલનને કારણે અનેક ઘરો દબાઈ ગયા છે. શિમલામાં રવિવારે બે ભૂસ્ખલન બાદ ૧૪ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. મંડીમાં પણ ભારે નુકસાન, ૨૪ લોકોના મોત.

૮૦૦ રસ્તાઓ ભારે વરસાદને કારણે પ્રભાવિત. વરસાદના કારણે શાળા-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. ૧૨માંથી ૯ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. પૉંગ ડેમમાંથી પાણી છોડવાને કારણે અનેક વિસ્તારો ડૂબી ગયા છે. નદીઓ અને નાળાઓના વહેણને કારણે ૪૦૦ પીવાના પાણીની યોજનાઓને અસર થઈ છે. ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યા બાદ સીએમ સુખવિંદર સિંહ સુખુએ કહ્યું કે અકસ્માતમાં બે લોકોના મોત થયા છે, જેમાંથી એકનો મૃતદેહ મળી આવ્યો છે.

## મથુરામાં રેલવેની જમીનથી અતિક્રમણ દૂર કરવા પર ૧૦ દિવસનો સ્ટે, સુપ્રીમકોર્ટે રેલવે-કેન્દ્રને ફટકારી નોટિસ

મથુરામાં કૃષ્ણજન્મભૂમિ અને ઈદગાહ વિવાદ પણ વધુ ચગવા લાગ્યો છે. આ દરમિયાન મથુરામાં રેલવેની જમીન પરથી અતિક્રમણ હટાવવાનો મામલો સુપ્રીમકોર્ટ પહોંચ્યો હતો. જેના પર સુનાવણી હાથ ધરતાં સુપ્રીમકોર્ટે આ અતિક્રમણ હટાવવા પર ૧૦ દિવસનો સ્ટે આપી દીધો હતો. એટલે કે હવે ૧૦ દિવસ સુધી તંત્ર દ્વારા દબાણ હટાવવાની કોઈ કામગીરી નહી કરી શકાય. આ મામલે હવે આગામી સુનાવણી ૧ અઠવાડિયા બાદ કરવામાં આવશે.

માહિતી અનુસાર રેલવે દ્વારા આ અતિક્રમણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી હતી. જેમાં અસંખ્ય મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. આ મામલે સુપ્રીમકોર્ટે સુનાવણી કરી હતી અને સ્ટે આપી દીધો હતો.



આ અતિક્રમણ શ્રીકૃષ્ણ જન્મભૂમિ અને ઈદગાહ મસ્જિદની નજીકમાં જ આવેલ છે. સુપ્રીમકોર્ટે આ મામલે કેન્દ્ર સરકારને પણ નોટિસ ફટકારી અને રેલવેને પણ નોટિસ મોકલી જવાબ માગ્યો છે. સાથે જ યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ કર્યો હતો.

## નેહરુ મેમોરિયલ વિવાદ : શશી થરુરે PMની કરી પ્રશંસા, કહ્યું 'તેમનો વિચાર વખાણવા લાયક પણ...'

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીમાં તીન મૂર્તિ માર્ગ પર સ્થિત ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના સત્તાવાર નિવાસસ્થાનની અંદર આવેલા નેહરુ મેમોરિયલ સંગ્રહાલય અને પુસ્તકાલયનું નામ બદલી પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલય કરાતા વિપક્ષો સરકાર પર સતત પ્રહારો કરી રહી છે, ત્યારે કોંગ્રેસના સાંસદ શશી થરૂરે વડાપ્રધાન મોદીના 'પ્રધાનમંત્રી સંગ્રહાલય' બનાવવાના વિચારની પ્રશંસા કરી છે, જોકે તેમણે સરકાર પર કટાક્ષ પણ કર્યો છે.શશી થરૂરે નેહરુ મેમોરિયલ સંગ્રહાલય અને પુસ્તકાલયનું નામ બદલીને પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલય કરવા પર કહ્યું કે, તે અફસોસની વાત છે કે, આ નોબત આવી... તેમણે પીએમના આઈડિયાની પ્રશંસા કરતા કહ્યું કે, અગાઉના તમામ વડાપ્રધાનોના નામો દર્શાવવા માટે એક પ્રધાનમંત્રી સંગ્રહાલય બનાવવાનો વિચાર વખાણવા લાયક છે.કોંગ્રેસ સાંસદ શશી થરૂરે વધુમાં કહ્યું કે, વિચારો તો સારા છે, પરંતુ નેહરુ મેમોરિયલનું નામ બદલવાની આ પ્રક્રિયા માત્ર નાની હરકત છે. તેમણે કહ્યું કે, જવાહરલાલ નેહરુ પ્રથમ વડાપ્રધાન હતા, તેઓ અત્યાર સુધીમાં સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન રહ્યા છે, તેમનું નામ હટાવવું નાની વાત છે. જો સરકાર ઈચ્છે તો તેનું નામ નેહરુ મેમોરિયલ પ્રધાનમંત્રી સંગ્રહાલય જ રહેવા દેતી... આ હરકત દુર્ભાગ્યપૂર્ણ છે.




## મોરારી બાપુની રામકથામાં ઋષિ સુનકે લગાવ્યા 'જય સિયારામ'ના નારા



બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે મંગળવારે આધ્યાત્મિક ગુરુ મોરારી બાપુની રામકથામાં હાજરી આપી હતી. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં મોરારી બાપુની રામકથા યોજાઈ છે. આ દરમિયાન ઋષિ સુનકે પણ મોરારી બાપુના પોડિયમ પર 'જય સિયારામ' ના નારા લગાવતા પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મોરારી બાપુની રામકથા સાંભળવા અહીં આવેલા ઋષિ સુનકે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ભારતના સ્વતંત્રતા દિવસ નિમિત્તે મોરારી બાપુની રામકથામાં હાજર રહેવું એ સન્માન અને આનંદની વાત છે. તેઓ અહીં વડાપ્રધાન તરીકે નહીં, પરંતુ એક હિન્દુ તરીકે જોડાયા છે.

સુનકે કહ્યું, 'વિશ્વાસ મારા માટે ખૂબ જ અંગત બાબત છે. તે મને મારા જીવનના દરેક પાસામાં માર્ગદર્શન આપે છે. મારા માટે વડા પ્રધાન બનવું એ ખૂબ જ સન્માનની વાત છે, પરંતુ આ સરળ કાર્ય નથી. આપણે મુશ્કેલ નિર્ણયો લેવા પડશે અને અમારો વિશ્વાસ મને મારા દેશ માટે શક્ય તેટલું શ્રેષ્ઠ કરવા માટે હિંમત અને શક્તિ આપે છે.

તંત્રી લેખ......

# રૂપિયા ૨૦૦૦ની મોટાભાગની નોટસ વેપારગૃહો દ્વારા જ જમા કરાવાઈ

રિઝર્વ બેન્ક દ્વારા રૂપિયા ૨૦૦૦ની ચલણી નોટસ પાછી ખેંચાયા બાદ દેશની બેન્કોમાં જમા અથવા એકસચેન્જ કરાયેલી રૂપિયા ૨૦૦૦ની નોટસમાંથી મોટાભાગની નોટસ વેપાર ગૃહો તરફથી પ્રાપ્ત થઈ છે, રિટેલ ખાતેદારોથી બહુ ઓછા પ્રમાણમાં રૂપિયા ૨૦૦૦ની નોટસ જમા અથવા એકસચેન્જ કરાઈ છે, એમ બેન્કિંગ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું. ૩૧ જુલાઈ સુધીમાં રૂપિયા ૩.૧૪ લાખ કરોડના મૂલ્યની અથવા ૮૮ ટકા રૂપિયા ૨૦૦૦ની નોટસ બેન્કોમાં પરત આવી ગઈ હોવાનું રિઝર્વ બેન્કે વર્તમાન મહિનાના પ્રારંભમાં જણાવ્યું હતું. રૂપિયા ૨૦૦૦ની નોટસ પાછી ખેંચવાના નિર્ણય બાદ દેશની બેન્કોમાં મોટી માત્રામાં લિક્વિડિટી વધી જતા રિઝર્વ બેન્કે ગયા સપ્તાહમાં બેન્કો માટે દસ ટકા ઈન્ક્રીમેન્ટલ કેશ રિઝર્વ રેશિયો (આઈ-સીઆરઆર) દાખલ કર્યો છે. અમારી પાસે પરત આવેલી રૂપિયા ૨૦૦૦ની નોટસમાંથી અંદાજે ૬૦ ટકા નોટસ વેપાર ગૃહો પાસેથી આવી છે બાકીની વ્યક્તિગત થાપણદારો તરફથી મળી છે, એમ યુકો બેન્કના સુત્રોએ જણાવ્યું હતું. સિટી યુનિયન બેન્કના એક અધિકારીએ પોતાની બેન્કમાં ૯૦ ટકા રૂપિયા ૨૦૦૦ની નોટસ મોટા ખાતેદારો તરફથી આવી હોવાનો દાવો કર્યો હતો. વેપાર ગૃહો મોટેભાગે લોન્સ જમા કરાવે છે, જ્યારે વ્યક્તિગત ખાતેદારો એકસચેન્જમાં લઈ જાય છે. અત્રે ઉલ્લેખનિય છે કે વર્તમાન વર્ષના ૧૯મી મેએ સરકારે રૂપિયા ૨૦૦૦ની નોટસ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી અને બેન્કોને નોટસ પરત કરવા ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમયગાળો અપાયો છે. ૩૧ જુલાઈના અંતે માત્ર રૂપિયા ૪૨ હજાર કરોડના મૂલ્ય સાથેની રૂપિયા ૨૦૦૦ની નોટસ ચલણમાં હતી. નોટબંધીના કાળમાં દાખલ કરાયેલી રૂપિયા ૨૦૦૦ની નોટસને સરકારે ૨૦૧૮-૧૯થી પ્રિન્ટ કરવાનું બંધ કરી દીધું હતું. ૩૧મી માર્ચ ૨૦૨૩ના અંતે કુલ રૂપિયા ૩.૬૨ લાખ કરોડના મૂલ્યની રૂપિયા ૨૦૦૦ની નોટસ સર્ક્યુલેશનમાં હતી. જે દેશમાં સર્ક્યુલેશનમાં રહેલી કુલ નોટસમાંથી ૧૦.૮૦ ટકા જેટલી હતી.

# "અમારે કોઇને શિંગડે ચડાવવા હોય તો મતદાર યાદી કે આધાર કાર્ડ લઇને ફરવાનું?"ગૌમાતાનો વાજબી સવાલ

અંતે સફળતાપૂર્વક ઢીકકરણ કાર્યક્રમ સંપન્ન થયો!આ કાર્યક્રમ માટે ઢીકકરણ ક્ષેત્રે ઉજ્જવલ કારકિર્દી બનાવવા ઇચ્છુક ઉત્સાહી ગૌમાતાને માર્ગદર્શક મંડળમાં નિહિત નેતાઓ ( ભાઇ ગાયોમાં પણ આવું મંડળ હોય છે. સાવ કોરાણે મુકાયેલી ગાયો તેના વિશાળ ઢીકકરણના અનુભવનો લાભ પ્રશિક્ષણ કાર્યક્રમમા.આપે છે. ઉજ્જવળ સંસ્કૃતિ અને પરંપરા જીવંત રાખવા માટે શિંગડા, પગ અને પૂંછડીથી જે કંઇ યત્કિંચિત્ થઇ શકે તે કરવું જ રહ્યું! એની ડાઉટ?)ધ્વારા થિયેરીકલ અને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવેલ. રાક્ષસોનો નાશ થાય અને સ્વર્ગની અપ્સરાઓ પાગલ થઇને નૃત્ય કરે તેમ ગૌમાતાએ ઢીંકોત્સવ મનાવ્યો. જેમાં બીજા દસબારને શિંગડે ચડાવ્યા!!

ઢીક મારવી એ કળા અને વિજ્ઞાન છે. એક ગાય તરીકે તમે ઉન્નત મસ્તકે ઉત્તમ ઢીક મારી શકો નહીં.નાથુરામ ગોડસેએ ગાંધીજીના ચરણસ્પર્શ કરીને ગાંધીજી પર ગોળીઓ છોડી હતી તેમ એક ગાય તરીકે દિમાગ ઠંડું રાખી શિંગડા નીચે નમાવી શિકાર તરફ સંપૂર્ણ લક્ષ કેન્દ્રિત કરી શિંગડે ચડાવવાનો છે. અર્જુનને તીરંદાજીની પરીક્ષામાં માત્ર પક્ષીની આંખ દેખાતી હતી તેમ તમારે લારી,ભીડ,પાલો,ફળ વગેરે જોવાનું નથી! તમારે ટારગેટ પર ફોકસ કરવાનું છે. ફાસ્ટ બોલર બોલિંગ કરે તે પહેલાં રન અપ પર દોડે તેમ તમારે હીકોટા-છીકોટા કરતા પગની ખરીથી ધૂળ ઉડાડતા ઉડાડતા શિકારને શિંગડે ઉછાળવાનો છે , ચાર પગે કુંભાર જેમ માટી ખૂંદે તેમ શિકારને ખૂંદવાનો છે.જરીકે ચૂંક કરવાની નથી કે દયા ખાવાની નથી!!ઢીકનો માર્ગ છે શૂરાનો , નહીં કાયરનું કામ જોને!!

છારું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય તે ઉક્તિને જૂઠાર્થમાં ફેરવી ૧૯ લોકોને ગાયમાતા સહિત ઢોરોએ યમસદન પહોંચાડ્યા છે. દીકરો સોનારૂપાની થાળીમાં બત્રીસ જાતના ભોજન અને તેત્રીસ જાતના પકવાન આરોગે અને મા વૃધ્ધાશ્રમમાં સૂકા રોટલાનું નૈવેધ આરોગો તેમ ગાયમાતાનો ચારો, સબસીડી ઓહીયા કરીને માણસો ગૌમાતાને ઉકરડામાં ઓખર કરવા અને પ્લાસ્ટિક ખાવા બેબસ કરાય છે!!!

કડી શહેરમાં ગાયે એક વિદ્યાર્થી પર હુમલો કર્યાની ઘટના તાજી છે . જામનગરમાં એક વૃધ્ધને ગાયે શિંગડે ઉછાળાને હાડકા ખોખરા કરી દીધેલા. જામનગર મહાનગરપાલિકાએ રસ્તા પર બેસેલા ઢોરોને તગેડવા માટે દર મહિને ૨૦૦૦૦ ના દરમાયાથી આધુનિક ગોવાળિયાના જગ્યા ભરી છે. એનાથી અડધા પગારે કોમ્પ્યુટર જાણકાર ડેટાએન્ટ્રી કરે છે. જુવાનિયાએ નક્કી કરવાનું કે વીસ હજાર રૂપરડીમાં ઢોરા તગેડવા છે કે દસ હજારમાં કોમ્પ્યુટર એન્ટ્રી કરવી છે?ચોઇસ ઇઝ યોર્સ!!

રાજયમાં ૨૦૧૨ માં રખડતા ઢોર ૨.૯૨ લાખ હતી જે વધીને ૩.૪૩ લાખ થયેલ છે. અહી ચોપગા ઢોરની વાત છે. મિસ કોલ્ડથી ચોક્કસ પાર્ટીના ઢોરોની વધતી જતી સંખ્યાને કોઇ લેવાદેવા નથી.ગુજરાત મોડેલનો ચારેકોર જયજયકાર છે. રખડતા ઢોરોના મામલે અન્ય રાજ્યો કરતા બમણી સંખ્યા છે. હરખ હવે તું ગુજરાતી!!ડામચિયામાં દીવો કર. જયોત સે જયોત જલા!!કોના બાપની દિવાળી??

રખડતા ઢોરોના મામલે અમદાવાદ શહેરે ૨૩૫ કરોડ રૂપિયાનો ધુમાડો કરેલ છે પણ લોકો ઠેરના ઠેર છે!! અમદાવાદમાં એક લાખ જેટલા પશુપાલકોને લગભગ દસ કરોડનો દંડ કરેલ છે છતાં પશુપાલકો-ઢોરોએ ઢોરકસમ ખાધી છે કે હમ નહીં સુધરેંગે!!નહીં સુધરને દેંગે!! રોડ હમારે બાપ કી રિયાસત હૈ, હમારે બાપ કી જાગીર હૈ!!સોયના નાકા જેટલું ખસીશું નહીં! આવાઝ દો હમ એક હૈ!! ભૌં ભૌં ભૌ! હમ સે જો ટકરાયેંગા શિંગડે સે ઉછાલા જાયેંગા!!!

એવું પણ અવિશ્વસનીય અને બિન આધારભૂત સૂત્રોથી જાણવા મળ્યું છે કેગાયો ઢીક મારવાના બાબતે બહુ પછાત છે. કારણ કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઢીક કીક ડે ની ઉજવણી થતી નથી. ઢીક મારવાના છૂટક કે જથ્થાબંધ એસઓઆર જ નકકી થયેલ નથી. ઢીક મારવાનો પ્રોત્સાહન કશું નક્કર કે ખોખલું કામ થયું નથી. ઢીક પ્રશિક્ષણ કેન્દ્રો પણ પીપીપી ધોરણે કાર્યરત કરવામાં આવ્યા નથી. દીકરી અને ગાય ઢીક મારીને ખાય તે સ્લોગનનો બહોળા પ્રચાર અને પ્રસાર થયો નથી!!ઢીંકની કક્ષા આઇએસઓ-૨૦૨૧ સર્ટિફાઇડ નથી. ચાઇનીઝ ચીજવસ્તુ જેવી તકલાદી, બિનગુણવતાયુકત, અણઘડ ઢીક મારે છે. ઢીકના ગુણવતા સુધારણાની દિશામાં સામુહિક, સર્વસમાવેશક સમયોચિત પગલા લેવાની બાબતે વિચારણા સુનિશ્વચિત કરવાની સામયિક આવશ્યકતા ઉપસ્થિત થયેલ છે. અંધૂરામાં પૂરું કામધેનુ જેવી યુનિવર્સિટીમાં ઢીક મારવાના ડિપ્લોમા કે ડિગ્રી કોર્સ નથી. જેથી ગાયો બિચારી નેતા તરફ આશાની દ્રષ્ટિ માંડીને બેઠી છે!!!શહેરના એક ખૂણામાં બધી ગાયો એક ગાય પર રીતસર તૂટી પડી.પેલી ગાય ગભરાઇ ગઇ.

"તને કંઇ ભાન પડે છે તે કોને શિંગડે ઉલાળ્યા છે તેનું ભાનબાન છે? બિચારા નીતિનકાકા એક વરસ પહેલાંથી વધુસમયથી સતાવિધુર એટલે કે ખુરશીભંગ થયા છે, પડયા પર પાટુ મરાય??મરેલાને શિંગડે ચડાવાય?" તને શરમ આવતી નથી?? આજે કાકા છે, કાલે મધ્યપ્રદેશના મામાને પરમ દિવસે સાહેબને ઢીકે ચડાવીશ??સિનિયર ગાયે પેલી ગાયને ખખડાવી .કહે છે કે આ ગાયે કોઇ રાજકીય પક્ષની કંઠી-ખેસ ધારણ કરેલ હતો!!!!!

" અમારે કોઇને શિંગડે ચડાવાની ઇચ્છા થાય તો આધારકાર્ડ કે મતદારયાદી લઇને ફરવાનું?કોઈને શિંગડે ચડાવવા એ અમારો બંધારણીય હક્ક છે.અમે, રોડ પર પડેલા ભૂવા અને રસ્તા તળાવએ વલર્ડ હેરીટેજ છે. અમારા વિનાના રસ્તાની કલ્પના કરી જુવો. આભૂષણો વિનાની દીનહીન નારી જણાશે!!વઝકણી વહુ જેવો હુમલાખોર ગાયે છીકોટો કર્યો!!

વિદેશમાં પ્રગતિ છે, પણ ત્યાં રસ્તા પર ગૌમાતા કયાં છે? મેકસિકોના શહેરમાં ગાયોના રંગેલા શિલ્પોની સ્પર્ધા યોજાય છે!

આમ, અમે વિચારતા હતાને ગયા ભવની વેરી ગૌમાતાએ મને અને રાજુ રદીને શિંગડે ચડાવ્યા અને અમે કણસતા રહ્યા. ત્રણ દિવસે રીપેર થયા!!

ભરત વૈષ્ણવ

# અધિક માસ એકાદશી

અધિકમાસ વિશે શું કહું ? જે કૃષ્ણને "પુરુષોત્તમ " સ્વરૂપે જાણે છે તે સર્વજ્ઞ હોઈ કૃષ્ણને સર્વભાવથી ભજે છે. કૃષ્ણ 'ગીતા'માં કહે છે મહિનામાં મને પુરૂષોત્તમ માસ સહુથી પ્રિય છે.

આજે અધિક માસની વદ અગિયારસની તિથિ છે. સહુને એકાદશીની મંગલકામના. આ અધિક માસનો લ્હાવો આપણે સહુએ માણ્યો. હજુ ચાર દિવસ બાકી છે. 'આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે. 'આ માસ દરમિયાન દાન પુણ્યનો મહિમા અધિક છે.

યાદ રહે સાથે કશું આવવાનું નથી. આપીશું તો અધિક પામીશું.

અંગ્રેજી કેલેન્ડરમાં દર વર્ષે ૧૨ મહિના હોય છે. પરંતુ પંચાંગ અનુસાર, દર ત્રણ વર્ષમાં એક વખત વધારાનો માસ આવે છે, જેને અધિકામાસ અથવા પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખવામાં આવે છે. અધિકમાસમાં પૂજા-પાઠ, ઉપવાસ અને ધ્યાનનું મહત્વ ઘણું વધી જાય છે. પરંતુ શું તમે જાણો છો કે શા માટે અને ક્યારે અધિકમાસ દર ત્રણ વર્ષમાં એકવાર થાય છે. જાણો તેના વિશે...

બીજી તરફ, ભારતીય ગણતરી પદ્ધતિ મુજબ, સૌર વર્ષમાં ૩૬૫ દિવસ અને ચંદ્ર વર્ષમાં ૩૫૪ દિવસ હોય છે. આ રીતે, એક વર્ષમાં ચંદ્ર અને સૌર વર્ષ વચ્ચે ૧૧ દિવસનો તફાવત હોય છે અને ત્રણ વર્ષમાં આ તફાવત ૩૩ દિવસનો થઈ જાય છે. આ ૩૩ દિવસ ત્રણ વર્ષ પછી વધારાનો મહિનો બની જાય છે. આ વધારાના ૩૩ દિવસ એક મહિનામાં ઉમેરવામાં આવે છે, જેને અધિકામાસ નામ આપવામાં આવ્યું છે. આમ કરવાથી વ્રત-ઉત્સવોની તિથિ અનુકૂળ રહે છે અને સાથે-સાથે અધિકામાસના કારણે પિરિયડની ગણતરી યોગ્ય રીતે જાળવવામાં પણ મદદ મળે છે.

અધિકમાસને મલમાસ અને પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વર્ષે સાવન મહિનામાં અધિકમાસ જોડાયેલ છે, જેના કારણે આ વખતે શ્રાવણ બે મહિનાનો રહેશે. અધિકમાસ ૧૮ જુલાઈ ૨૦૨૩ થી શરૂ થઈ રહી છે અને ૧૬ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ સમાપ્ત થશે.

હિન્દૂ ધર્મમાં અધિકમાસ દરમિયાન તમામ પવિત્ર કામ વર્જિત માનવામાં આવે છે. માનવામાં આવે છે કે વધારાનો મહિનો હોવાને કારણે આ માસ મલિન હોય છે. એટલા માટે આ માસ દરમિયાન હિન્દૂ ધર્મના વિશિષ્ટ વ્યક્તિગત સંસ્કાર જેવા કે નામકરણ, યજ્ઞોપવીત, લગ્ન અને સામાન્ય ધાર્મિક સંસ્કાર જેવા કે ગૃહપ્રવેશ, નવી બહુમૂલ્ય વસ્તુઓની ખરીદી કરવામાં આવતી નથી. મલિન માસ માનવાના કારણે જ આ મહિનાનું નામ મલ માસ પાડવામાં આવ્યું છે.

અધિકમાસના અધિપતિ સ્વામી ભગવાન વિષ્ણુ માનવામાં આવે છે. પુરુષોત્તમ ભગવાન વિષ્ણુનું જ એક નામ છે. એટલા માટે અધિકમાસને પુરુષોત્તમ માસના નામથી પણ ઓળખવામાં આવે છે. આ બાબતે ખૂબ જ રસપ્રદ કથા પુરાણોમાં દર્શાવવામાં આવી છે. કહેવામાં આવે છે કે ભારતીય મુનિઋષિઓએ પોતાની ગણના પદ્ધતિથી દર ચંદ્ર માસ માટે એક દેવતા નક્કી કર્યા હતા. જો કે અધિકમાસ સૂર્ય માસ અને ચંદ્ર માસ વચ્ચેનું સંતુલન જાળવી રાખવા માટે શરૂ કરવામાં આવ્યો હતો, તેથી આ વધારાના મહિનાના અધિપતિ બનવા માટે કોઈ દેવતા તૈયાર ન હતા. એવામાં ઋષિ-મુનિઓએ ભગવાન વિષ્ણુને આગ્રહ કર્યો કે તેઓ જ આ માસનો ભાર પોતાની ઉપર સ્વીકારી લે. ભગવાન વિષ્ણુએ આ આગ્રહનો સ્વીકાર કરી લીધો અને આ રીતે મલ માસની સાથે આ મહિનો પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખાવા લાગ્યો.

આશા છે અધિક માસ વિશેની માહિતી ગમી હશે, હવે બીજા ત્રણ વર્ષની રાહ જોવી પડશે. આ માસ દરમ્યાન ભલે આપણે મંગલ પ્રસંગ ન મનાવીએ, તેથી કાંઈ જન્મ અને મરણનું ચક્ર અટકતું નથી. જીવનનું કોઈ પણ કાર્ય થવાનું હોય તે થઈને રહે છે. બસ મનમાં સુંદર ભાવના અને પ્રભુ પ્રત્યે શ્રદ્ધા આવશ્યક છે.

પ્રવિણા,કડકીયા,અમેરીકા





અહમદપુર પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી.આ પ્રસંગે સવારે સમગ્ર ગામમાં તિરંગા યાત્રા રેલી ફેરવવામાં આવી.શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતું.શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિગીત,અભિનયગીત અને નાટક જેવા કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા.શાળાના બાલવાટીકાના વિદ્યાર્થીઓને મુકેશસિંહ રાજાવત દ્વારા લંચબૉક્ષ ભેટ આપવામાં આવ્યા.શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ પ્રતિભાશાળી વિદ્યાર્થી પ્રમાણપત્ર અને બૅઝ ઍનાયત કરવામાં આવ્યા.આ સાથે ગ્રામજનો દ્વારા શાળામાં ૩૦ ખુરશી અને ૯ ટેબલ ભેટ આપ્યા.શાળાકક્ષાએ ધ્વજવંદન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગામના અમૃત સરોવરના કિનારે પણ ધ્વજવંદન કરી અમૃત સરોવરની જાળવણીના શપથ લેવામાં આવ્યા.આ પ્રસંગે સરપંચશ્રીએ પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ માટે ઉપસ્થિત ગ્રામજનોને અપીલ કરી.ઉપસ્થિત સર્વેના આભારદર્શન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

# મોડાસા તાલુકાના શામપુર ગામે ૭૭મા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી




શામપુર પ્રાથમિક શાળા નંબર ૧ ના પટાંગણમાં ૭૭ માં સ્વતંત્ર પર્વની ઉજવણી પ્રસંગે જી ઈન્ડિયા ન્યૂઝ ના રિપોર્ટર , તાલુકા કાનૂની સેવા સમિતિ મોડાસાના પીએલવી શ્રી રમેશજી ઠાકોરના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામના આગેવાનો બાળકોના વાલીઓ અને વિદ્યાર્થી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વાલી મીટીંગ માં શાળાના આચાર્ય શ્રી અરવિંદભાઈએ શાળામાં થતી પ્રવૃત્તિઓ નો ચિતાર આપ્યો હતો. અને કોમ્પ્યુટર માટે ઓરડાની જરૂરિયાત અંગે ગ્રામજનોને જાણ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રીને સ્ટાફ પરિવારના શિક્ષક મિત્રોએ સારી એવી જહેમત ઉઠાવી હતી



સ્વાતંત્ર્યપર્વ ની મોડાસા કેળવણી મંડળ અને મંડળ સંચાલિત સંસ્થાઓ શ્રી કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલ, શ્રી સી.જી.બુટાલા સર્વોદય હાઈસ્કૂલ, કલરવ સ્કૂલ, બી-કનાઈ સ્કૂલ દ્વારા દબદબાભેર ઉજવણી કરવામાં આવી. આ પાવન પ્રસંગે મંડળના પ્રમુખશ્રી બિપીનકુમાર ર. શાહના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. તેમના દ્વારા ભારત દેશની સિધ્ધિઓ અને આગામી કાર્યક્રમો તથા મોડાસા કેળવણી મંડળની સિધ્ધિઓ અને આગામી વર્ષોમાં હાથ ધરવામાં આવનાર પ્રવૃતિઓમાં ચિતાર આપ્યો. આ પ્રસંગે કેળવણી મંડળના સૌ પદાધિકારીશ્રીઓ, મંડળ સંચાલિત સંસ્થાના આચાર્યશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, વિદ્યાર્થી ભાઈ-બહેનો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાના બાળકો દ્વારા વેશભૂષા તથા રાષ્ટ્રભક્તિના નૃત્યો, ચિત્રકામ અને આહલાદક રંગોળી દોરીને આ પર્વની ઉજવણીમાં અભિવૃદ્ધિ કરી હતી. કેળવણી મંડળના આદ્યસ્થાપક શ્રી મથુરદાસ લાલજીભાઈ ગાંધીને સૂતરની આંટી પહેરાવવામાં આવી હતી અને મોડાસા કેળવણી મંડળના પદાધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.



બાવળા તાલુકાના કોચરિયા પ્રાથમિક શાળા માં મારી માટી મારો દેશ કાયૅક્રમ માં આઝાદી ના લડવૈયા શૂરા એવા સ્વતંત્રતા સેનાની શ્રી વીરાભાઇ રાજાભાઇ ગોહિલ ને સરકાર શ્રી દ્વારા સન્માન પત્ર તેમજ મહા પુરુષની યાદ માં સેલાલેખ તકતી ની સ્થાપના કરવાના કાયૅક્રમ ની શરૂઆત માં તેમના પૌત્ર જીતેન્દ્રસિંહ ગોહિલ દિપ પ્રગટાવીને ખુલ્લું મૂકવામાં આવ્યો હતો

# ઇડર ખાતે હર્ષોલ્લાસ સાથે ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી કલેક્ટર નૈમેષ દવેની અધ્યક્ષતામા કરાઈ

સાબરકાંઠા જિલ્લામા ૭૭મા સ્વાતંત્ર દિનની જિલ્લાકક્ષાની ઉજવણી જિલ્લા કલેક્ટર અને મેજીસ્ટ્રેટ નૈમેષ દવેની ઉપસ્થિતિમા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઇડર ખાતે કરાઈ હતી

આ કાર્યક્રમમા જિલ્લા કલેક્ટરએ જણાવ્યુ હતુ કે આદિજાતિ સંસ્કૃતિ અને વિવિધતાથી સભર વિજયનગર ઐતિહાસિક વિસ્તારમા પાલ દઢવાવનો ગોઝારો હત્યાકાંડ આદિવાસીએ આપેલી બલીદાનની ગવાહી છે ત્યાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શહિદ વન ખાંભી બનાવીને ઈતિહાસને ઉજાગર કર્યો છે એવા જ વિજયનગરના કોડીયાવાડા ગામ કે જયાં એક બે નહિ પણ ૧૨૦૦થી વધુ આર્મીના જવાનો ફરજ બજાવી ચુક્યા છે અને હજી મા-ભોમની રક્ષા કાજે બોર્ડર પર તૈનાત છે જે સૈનિકોના ગામ તરીકે પણ ઓળખ મેળવી ચુક્યુ છે સદા હરિત સાબરકાંઠા પ્રોજેક્ટ હેઠળ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ચાલુ વર્ષે ૫૧ લાખ વૃક્ષોનુ વાવેતર કરવાનું નક્કી કરેલ છે. જેમાંથી અત્યાર સુધીમાં ૩૧.૫૮ લાખ રોપાઓનુ વિતરણ કરાયુ છે જિલ્લામા વધુમા વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે તે અંગે જણાવ્યુ હતુ આયોજન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩/૨૪ દરમિયાન ૪૪ કરોડની જોગવાઈ સામે ૧૩૪૦ કામો મંજુર કરવામા આવ્યા છે વધુમા તેમણે ઉમેર્યું હતુ કે જિલ્લાને રાષ્ટ્રપતિના હસ્તે ભુમિ સન્માન એવોર્ડ મળ્યો છે જે જિલ્લા માટે ગૌરવની વાત છે આ અવસરે જિલ્લામા ભારત સરકારના નશામુક્ત ભારત અભિયાનની શરૂઆત માટે જાહેરાત કરી હતી ઈડર તાલુકાની ગુહાઈ જુથ યોજના હેઠળ યોજનાના ડાબા કાંઠાના ૩૨ ગામો માટે રૂ. ૩૧ કરોડ ૩૩ લાખના ખર્ચે યોજના પુર્ણ કરાઇ છે. સમાજ સુરક્ષા વિભાગ થકી ૩૦,૦૮૦ જેટલી ગંગા સ્વરૂપા બહેનોને દર મહિને રૂ. ૧૨૫૦ની સહાય ચુકવવામા આવે છે શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ૬૦૩ – લાભાર્થીને રૂ. ૫ કરોડ ૯૮ લાખ સબસીડી ચૂકવેલ છે તેમજ વ્યાજ સહાય અને કેપીટલ સહાય ચુકવણી – યોજના અંતર્ગત ૨૪૪ લાભાર્થીઓને રૂ. ૨૦ કરોડ ૨૮ લાખની સહાય ચુકવાઇ છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO.--39
વિષય -- ગુણ-અવગુણ
શીર્ષક -- જીવનનો નિખાર
શબ્દો -- ૩૫૦
નામ -- પ્રફુલ્લા "પ્રસન્ના"

ગુણ વ્યક્તિને જીવનસાગરમાંથી તારે છે જ્યારે અવગુણ ડૂબાડે છે. ગુણ સત્કર્મો કરાવે છે, પુણ્યના કાર્યો કરાવે છે જ્યારે અવગુણ દુષ્કૃત્યો કરાવે છે. કોઈ પણ પ્રકારનો અવગુણ વ્યક્તિનું વ્યક્તિત્વ ખરડે છે. જ્યારે ગુણી વ્યક્તિનું વ્યક્તિત્વ મનુષ્યત્વથી દિપી ઊઠે છે. સદ્ગુણો મુક્તિના પંથે લઈ જાય છે, પરમતત્ત્વ તરફ દોરી જાય છે. શરીર, આત્મા-પરમાત્માની ઓળખ ગુણ થકી જ થાય છે. જ્યારે અવગુણથી વ્યક્તિની આંખો આગળ અજ્ઞાનનું પડળ છવાઈ જાય છે. સારું શું, સત્ય શું, શાશ્વત શું? વગેરેની ઓળખ સદ્ગુણો દ્વારા થાય છે. જ્યારે અવગુણ અસત્યના રસ્તે લઈ જાય છે.

ઈશ્વરને મારી પ્રાર્થના છે કે, "હે પ્રભુ! મારાં અવગુણ ચિત્તમાં ધરશો નહિ, મને સત્યનાં માર્ગે જ દોરજો અને અવગુણના કારણે થયેલાં દુષ્કૃત્યો બદલ માફ કરજો."

શિક્ષણ, ધાર્મિક જ્ઞાન કે આધ્યાત્મિક જ્ઞાન વ્યક્તિને સદ્ગુણો કેળવતા શીખવે છે. જેનાં કારણે વ્યક્તિનું વ્યક્તિગત જીવન ખૂબ નિખરી ઉઠે છે. આવી વ્યક્તિ અવગુણોથી થતાં નુકશાનથી વાકેફ હોય છે. અવગુણો એનું જીવન ડહોળી નાંખે છે. માનવ અવતાર મળ્યો છે તો જો સાચા અર્થમાં માનવ બનવું હોય તો પ્રેમ, આદર, ક્ષમા, સહનશક્તિ, સમર્પણ, ત્યાગ, વિનય, વિવેક, સદાચાર, સદ્વર્તન, સત્ય, અહિંસા, સમભાવ, દયા, કરુણા, સાદગી જેવા સાચા મોતી જેવા સદ્ગુણો કેળવવા જોઈએ. દરેક વ્યક્તિને સરખી જ માનવી જોઈએ, ઊંચનીચના ભેદભાવ ટાળવા જોઈએ. બીજાને બતાવવા માટે નહીં પણ આત્મામાં ઉદ્ધાર માટે ધર્મને અનુસરવું જોઈએ. ધર્મ-અધર્મનો ભેદ પણ જાણવો જોઈએ. વ્યક્તિ કુકર્મથી દૂર રહે તો એનાથી થતાં પાપથી પણ દૂર રહી શકાય. દરેક કર્મનું ફળ મળે જ છે એ વાત સારી રીતે સમજીને સારાં કર્મો કરવાની ભાવના સેવવી જોઈએ અને આ મનોભાવના સદ્ગુણો થકી જ આવે છે.

જીવનના ઉદ્ધાર માટે, મુક્તિના માર્ગે જવા માટે, મોક્ષની પ્રાપ્તિ માટે અવગુણોને ટાળવા જોઈએ, તેના માટે મનને જાગૃત રાખવું પડે. મન જો જાગૃત હશે તો જ વ્યક્તિ સાચા અને સારા કર્મ કરશે, સુખ અને શાંતિ પામશે. વ્યક્તિનું મન સુખી અને શાંત હશે તો એ બીજાને પણ સુખ-શાંતિ આપશે. સમાજમાં એની આજુબાજુ વિશ્વાસનું સામ્રાજ્ય સ્થપાશે. એનાં થકી પરિવારમાં પ્રેમ વધશે અને વ્યક્તિની સાથે સંલગ્ન દરેક વ્યક્તિ પણ ખુશ રહેશે.

સદ્ગુણો હંમેશા વ્યક્તિને નિખારે છે, વ્યક્તિ ખૂબ આદર અને માન પામે છે, જીવનમાં સંતોષ રહે છે અને મળેલાં અણમોલ માનવ જીવનનો ઉદ્ધાર થાય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG.SS.NO:- 0088
વિષય:- ગુણ - દોષ
પ્રકાર:- પદ્ય
શબ્દ:- ૧૦૭
શીર્ષક:- છું, ગુણ-દોષ ભર્યો ટોપલો..
લેખિકા નામ:- ડૉ. મનીષા વ્યાસ

ક્યારેક મુકાઈએ કૌંસમાં કે વળી વિરામ ચિહ્ને!
કોઈ વાખે કમાડ ઢીંચણે ને કૈક સામી છાતીએ..

ના માનશો, ઉપયોગ માત્રથી જોડાં જ ડંખે;
ક્યારેક ચિરપરિચિત ચહેરા પણ કસીને ડંખે!

ના નથી પહેરવું મહોરું જા એમ તારી સામે..
માન્યો છે તને દર્પણ કે તું ઘા નહિ જ છુપાવે;

કે નથી રહી ધરપત, છું હવે મઝધાર વચાળે..
ખમ્યા ઝાઝા ચાબખા વેણ- કવેણના મૂઢ મારે

નથી ખમાતા કાળી વેદનાના ઘા ઊઝડયા દિલે,
કયાંક કાઢી શકું બળાપો એવી ખેવાના જીવે.

ગૂઢ અકળ મૌન ઉકેલવાની નથી ઘેલછા હવે;
છું ગુણ-દોષ ભર્યો ટોપલો પામર મનુ જન્મે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0110
વિષય : ગુણદોષ
શીર્ષક : 'ગુણ અને દોષની છબી'
શબ્દો : ૩૪૫
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

ગુણ અને દોષ એ બંને એવા તત્વો છે કે જે આ સૃષ્ટિના દરેક સર્જનમાં દ્રષ્ટિમાન થાય છે. પછી એ જડ હોય કે ચેતન, મનુષ્ય હોય કે પ્રાણી, અનાજ હોય કે ફળ-ફૂલ, દરેકમાં અમુક ગુણ હોય છે અને અમુક દોષ પણ હોય છે. કોઈનામાં માત્ર ગુણ શોધવા જઈશું તો એ શક્ય નહીં બને. ધાન અથવા તો અનાજ જે આપણા જીવનમાં બળનો સંચય કરે છે, જ્યારે બજારમાંથી લાવીએ છીએ ત્યારે તેની સાથે પણ કંકર જરૂર આવવાની. ગુણોથી ભરપૂર અનાજ ઉપયોગમાં લેતા પહેલાં તેમાંથી દોષયુક્ત કંકર કે કચરો દૂર કરવો પડે છે. અનાજ સાથે કંકર મિશ્રિત હોવાથી આપણે અનાજના ગુણને ભૂલીને ઉપયોગ કરવાનું છોડી દેતા નથી. ગુલાબની સાથે કાંટા પણ હોય છે પરંતુ આપણે કાંટાની ઉપસ્થિતિને કારણે ગુલાબની સુવાસને ભૂલી જતા નથી. ફળ અંદરથી ખરાબ પણ હોઈ શકે છે, છતાં આપણે તેની મીઠાશને ભૂલતાં નથી.

આમ ગુણ અને દોષ મનુષ્યના સ્વભાવમાં પણ જોડાયેલાં જ રહે છે. તેને અલગ પાડી શકાય નહીં. એ મનુષ્ય પર નિર્ભર છે કે તે ગુણને વિકસાવે છે કે દોષને આગળ લાવે છે. તેનાથી મનુષ્યની સમાજમાં એક છબી બનતી જાય છે. લોકોનો વિશ્વાસ જીતવો હોય તો પોતાના વિચારોમાં અને આચરણમાં સદગુણ પ્રતિબિંબિત થવું જોઈએ. જો મનુષ્ય પોતાના વ્યવહારમાં છળ, કપટ અને અવિશ્વાસને સ્થાન આપવા લાગે, તો લોકો તેનામાં અવિશ્વાસ મુકતા જાય અને તે વ્યક્તિથી અંતર જાળવવા માંડે. કોઈ મનુષ્ય દોષ વગરનો હોતો નથી, પરંતુ જો વાણી, વર્તન અને વ્યવહારથી તેનો ઉદ્દેશ કોઈને હાની પહોંચાડવાનો કે મનદુ:ખ કરાવવાનો ન હોય તો તે એનો ગુણ બની જાય છે અને સહુ તેની સાથે સંબંધ રાખવા ઈચ્છે છે.

સામાન્ય રીતે જનમાનસ એવું હોય છે કે ગુણ અને દોષમાંથી માણસના દોષ સૌથી પહેલાં નજરે ચડે છે, પરંતુ તેની પાછળ છુપાયેલા તે જ માણસના થોડાંક ગુણો પણ હોય છે, જેની અવગણના થાય છે. આ જોનાર વ્યક્તિની દ્રષ્ટિની ખામી છે. આવી વ્યક્તિઓ બીજી વ્યક્તિઓની ખામીઓ શોધતી રહે છે અને તેની છબી બગાડવા સતત પ્રયત્નશીલ થઈ જાય છે. માટે જ માણસે પોતાના અંતરમનથી પોતાના ગુણ અને દોષની છબી જાતે જ જોવી જોઈએ અને દોષને દૂર કરી ગુણને પોતાના વર્તનમાં સમાવવા જોઈએ.
૧૪ ઓગસ્ટ ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 0050
વિષય - ગુણ - દોષ
પ્રકાર - પદ્ય
શબ્દ - ૯૯
શીર્ષક - ના જોશો ગુણ - દોષ.
લેખિકાનું નામ -
રાગીની શુક્લ "રાગ"

...................... જુઓને વિચારોની નગરી આ..! કોણ જુએ છે ગુણ કે દોષ...!
માનવ થઈ માનવના જ...!.
પળમાં કાગળ પર માપ નહીં..!

એ જાણે છલકેલો લાગણીઓના ગુણ..!
લોકોના માન મેળવનારો..! આભલા જેવું ના કોઈ ઊંચેરુ કોઈ મળ્યું ..!
મન જેવું ઊંડેરું ના મળ્યું કોઈ..!

ના કોઈ દરિયા જેવું દિલદાર મળ્યું...!
કે સત્ય જેવું સુંદર માત્ર...!
શું લોકોના રોષને ,આક્રોશના ગુણના ટોપલા જોઈશું ..!અદેખાઈથી ઉર્જા શક્તિમાં દેખીતો વધારો..!
જાણે અપેક્ષાને આકાંક્ષા વધુ..!.
વધુ બહેતર કરવાનું ઝનુન માત્ર..!
જેવો અંદર ના હોય તેવો બહાર નીકળે માનવ...!
ધગશ વગર ધનવાન નથી થવાતું..!

અકર્મીઓનું નસીબ જલ્દી નથી પલટાતું..!
માટે કોઈનાં ગુણ જોજો અવ ગુણ નહીં કદી...!
તો જ માનવ થવાશે..!
રાગીની શુક્લ "રાગ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: N.O.G S.S No. : 130
વિષય - ગુણ-દોષ
શીર્ષક - આઈનો
શબ્દો - ૩૪૦
લેખક - જાનકી સોની

દરેક વ્યક્તિમાં સારા નરસા ગુણ હોય જ છે. કોઈ પણ વ્યક્તિ સો એ સો ટકા પરિપૂર્ણ નથી હોતી. દરેક વ્યક્તિને તેના સારા ગુણ પરથી પારખવામાં આવે છે તેવી જ રીતે જો કોઈ વ્યક્તિનો કોઈ ક્યાંક સહેજ પણ વાંક કે દોષ દેખાય તો તેના બધા ગુણોને બાજુ પર રાખીને ફક્ત તેના દોષ પરથી જ તેના વ્યક્તિત્વને પારખવામાં આવે છે.

મનુષ્ય સ્વભાવની એક ખામી છે કે આપણને આપણા અવગુણો કરતાં બીજા વ્યક્તિઓના અવગુણો તરફ આંગળી ચીંધવામાં વધારે રસ હોય છે. આપણે બીજી વ્યક્તિ તરફ આંગળી ચીંધીએ તેના કરતાં સૌ પ્રથમ પોતાની જાત તરફ નજર કરવી જરૂરી હોય છે પરંતુ પોતાનો દોષ કે અવગુણ માનવો અને સ્વીકારવો એવી હિંમત બહુ ઓછી વ્યક્તિઓ કરી શકે છે. સ્કૂલ, કોલેજ કે ટ્યુશન ક્લાસીસમાં જ્યારે શિક્ષક આપણને એવી સૂચના આપે કે તમારું પેપર તમારી બાજુમાં બેસેલ સહવિદ્યાર્થી તપાસશે અને તમે તેમનું પેપર તપાસો ત્યારે આપણે કેવી ઝીણવટપૂર્વક બીજા સહવિદ્યાર્થીના પેપરમાંથી ભૂલો કાઢતા હતા, કહેવાનો મતલબ એ છે કે માનવ સ્વભાવમાં એ ખામી કહો કે ખૂબી કહો પરંતુ બીજાની ભૂલો કાઢવામાં આપણે વધારે ઓતપ્રોત થઈ જઈએ છીએ.

ઘણી વખત બીજાના ગુણો કરતાં તેમના અવગુણો અને વાંકને પહેલા ધ્યાનમાં લેવામાં આવે ત્યારે ઘણી વખત તે માનવીય સંબંધો જેમ કે મિત્રતા, પતિ-પત્ની તથા સંતાનો અને માતા-પિતાના સંબંધોમાં ખટાશ ઊભી કરે છે. જેમકે બે સખીઓ હોય અને એક સખી જો કાયમ બીજી સખીના અવગુણો તરફ આંગળી ચીંધયા કરશે તો તેમની મિત્રતા બહુ લાંબો સમય ટકી શક્તી નથી.

આપણે બધા જ્યાં પણ નોકરી-ધંધો કરતાં હોઈશું ત્યાં આપણે એટલું શીખ્યા જ છીએ કે જ્યારે કર્મચારી કંઈક સારું કાર્ય કરે ત્યારે તેને બધાની સામે બિરદાવો પરંતુ કર્મચારી કંઈક ભૂલ કરે તો તેને બધાની વચ્ચે નહીં પરંતુ એકલા બોલાવીને સમજાવો તે છતાં પણ ઘણી જગ્યાએ કર્મચારી કંઈક ભૂલ કરે તો તેને બધાની વચ્ચે કહેવામાં આવે છે જેથી ઘણા બધા કર્મચારીઓનો આત્મ-સન્માન ઘવાય છે તો ઘણા ખૂબ હતાશા અનુભવે છે અને તેમાંથી જલ્દીથી બહાર આવી શકતા નથી.

ગુણ અને દોષ માટે આપણે જો આપણા ઘર પર જ નજર નાખીએ તો આપણે ઘરના સભ્યોનો તેમનો વાંક જ્યાં પણ હોય તેના માટે તેમને પહેલેથી જ કંઈક ને કંઈક સંભળાવીએ છીએ.

દરેક વ્યક્તિને તેના ગુણ-દોષ સાથે આપણે સ્વીકારવી જોઈએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS No : 122
પ્રકાર : લેખ
શિર્ષક : ગુણ દોષ
વિષય : ગુણ દોષ
શબ્દો :૨૫૦
નામ : કાજલ શાહ 'કાજ'★

દરેક સિક્કાની બે બાજુ હોય છે, એ જ પ્રમાણે માણસ જાતની પણ બે બાજુ હોય છે... ગુણો અને દોષો એ માનવી નામના સિક્કાની બે બાજુઓ છે. જાણે ત્રાજવા જ જોઈ લ્યો.

કેટલાંકમાં ગુણોનું પલડું ભારી તો કેટલાંકમાં દોષોનું પલડું ઝુકી જાય. ઝુકી જાય એટલે નમવું નહીં હો... એ તો તે તે વિષયોનું વધી જવું.

ગુણોનું પલડું ભારી હોય તો જીવન ખરાં અર્થમાં જીવી શકાય છે પરંતુ જો દોષોનું પલડું નમતું હશે તો મળેલો આ માનવભવ વ્યર્થ થવાની આરે પહોંચી જશે. હા, કેટલીકવાર કેટલાંક દોષો આપણામાં એવા હોય છે કે જે નિવારી નથી શકાતા. આપણું મન સાક્ષી પૂરતું રહે છે કે આ દોષ મારામાં છે એ ન હોવો જોઈએ,
મારે એ મારા જીવનમાંથી મૂળથી ઉખાડી દેવો છે, છતાં પરિસ્થિતિ નિર્માણ થતાં આપણે એ દોષોનાં પ્રવાહમાં વહી જઈએ છીએ.

ઈન્દ્ર દેવોનો અધિપતિ, છતાં પોતાની વિષય વાસના પર કાબુ ન કરી શક્યાં અને અહલ્યા દેવીને શીલા બની જવું પડ્યું.

રાવણ જે શિવનો અનન્ય ભક્ત હતા. તે મહા તપસ્વી, મહાજ્ઞાની અગણિત વિદ્યાનાં સ્વામી હતાં. જૈન દર્શન પ્રમાણે તેઓ પ્રતિવાસુદેવનું પદ શોભાવતા હતાં. આ પદ વિશિષ્ટ પુરુષોને પ્રાપ્ત થતું હોય છે. છતાં તેમનો એક દોષ તેમનો અહંકાર... આખરે તેમને દુર્માર્ગે દોરી જ ગયો અને સીતા હરણ થયું.

પહેલાં કહ્યું એમ આપણામાં ગુણો સહિત દોષો રહેલાં છે જ, એ વાતનો એહસાસ, તેનો ખટકો મનમાં રહેવો જોઈએ. કદાચ આપણામાં રહેલાં દોષોને કારણે કોઈ ખોટું પગલું ભરાઈ પણ જાય તો મનમાં પશ્ચાતાપ જરૂર થવો જોઈએ. અંતરમાં કદાચ દોષોનાં તિમિરથી ઘેરાયું હોય છતાં જો સાચા ખોટાનો ભેદ જાણી લઈએ તો એકદિવસ એ અવગુણો આપણા જીવનમાંથી નાબૂદ થઈ જાય છે.
અસ્તુ.
??કાજલ??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 0112
વિષય: પહેરવેશ
શીર્ષક: 'ઉતમ ભારતનો પહેરવેશ '
પ્રકાર : પદ્ય

નાત જાતની ઓળખ હતી, એક સમયે પહેરવેશ
ગજ ગજ છાતી ફુલાતી હતી, પહેરતા એ પહેરવેશ

તહેવાર શોભાવે અનોખો, નોખી છાપ પાડતો પહેરવેશ
ગર્વથી રહેતો સદાય કોલર ઉંચો, જયારે પહેરીએ પહેરવેશ

ઉચ્ચ પરંપરા એ વડીલોની ઉચ્ચ હતા એ પહેરવેશ,
વારસાગત રિવાજ સ્વીકારતા, સંતાનો પહેરતા પહેરવેશ

ગરિમા જાળવે કુટુંબ તણી, શાખ વધારતા પહેરવેશ
શિશ ઉંચુ રહે ગર્વથી, પહેરીએ નિજ જ્ઞાતિનો પહેરવેશ , ,
પશ્ચિમી સંસ્કૃતિએ દાટ વાળ્યો, ટૂંકા થયા પહેરવેશ, , રાજ ફરી વળો શ્રુષ્ટિ સકલ,
ઉત્તમ ભારતનો પહેરવેશ
રચના,,,,,
રાજેશભાઈ એસ કુકરવાડિયા, ( વ્યાસ ) ધ્રુવનગર,,,, મોરબી

# વિવિધા. જુગલકિશોર




### ૧. ખોવાયું.

કશુંક અગત્યનું ખોવાઈ જાય છે ત્યારે એની કિંમત પણ વિશેષ રીતે સમજાય છે. મન પણ તેથી જ સતત ચચર્યા કરે છે. ચિત્ત વળી વળીને ત્યાં જ આવીને અટકી જાય છે; દાંતમાં કશુંક ભરાઈ જાય ત્યારે જીભ હજાર કામ પડતાં મૂકીને ત્યાં જ સ્પર્શ કરતી રહે છે જાણે.

એમાંય જ્યારે વસ્તુ હાથ લાગવાની શક્યતા નહીવત્ હોય છે ત્યારે આશા-અપેક્ષાઓની આજુબાજુ વેદના આંટાફેરા કરતી જ રહે છે.

એના કરતાં તો ચોરાઈ ગયેલી ચીજમાં એક નિરાંત હોય છે; ગમે તેટલી કિંમતી હોય પણ પાછી નથી જ આવવાનીવાળી ખાત્રીને કારણે મન વળી વળીને ખોતરતું નથી. ચોરાયેલી ચીજ ઘણી વાર ભલે પરાણે તો પરાણે પણ એ ચીજ ઉપરનો તત્કાલ વૈરાગ્ય શોધી આપે છે, જેને જન્માંતરોથી આપણે શોધતાં રહ્યાં છીએ !

જીવનભર જે પ્રાપ્ત કર્યું એ સઘળુંય એક દિવસ તો સાવ છોડી દેવું પડશે જ એ પરમ સત્યના સાક્ષાત્કારની પ્રસ્તાવના ખોવાયેલી કે ચોરાયેલી ચીજો કરાવતી રહે છે.

આપણું ખુદનું જ ખોવાઈ જવું કે ઓચિંતાંનું જ એક દિવસ ઉપડી જવું પાછળ રહેનારાંને ખોતરતું રહે જીવનભર, તો એની ચિંતા પાછળ રહેનારાંના ભાગેપ..

ખોવાઈ જનાર ખુદ તો પેલી ખોવાઈ જતી 'ચીજ'ની જેમ 'અલિપ્ત' જ હશે/રહેશે ને ???

### ૨. પ્રાર્થના

પોતાને માટે, પોતાનાં હોય તેને માટે તથા પોતાનાં ન હોય તેમને માટે પણ પ્રાર્થના થતી રહે છે.

પ્રાર્થનામાં ઈશ્વરતત્ત્વને કરાતી યાચનાઓમાં માગણી કરતાંય વધુ મહત્ત્વ હોય છે તેની રજૂઆતનું કે રજૂઆતની ઉત્કટતાનું. મનુષ્યના અવાજને વીજળીમાં રુપાંતરિત કરીને તથા અમુક ચોક્કસ ફ્રિક્વન્સીમાં મૂકી આપીને જ રેડિયો કે ટી.વી. પરથી પ્રસારિત કરી શકાય છે. રેડિયોમાંની કોઈ એક ફ્રિક્વન્સીનો અવાજ રેડિયો પરની જ કોઈ બીજી ફ્રિક્વન્સી પરથી કે ટી.વી. પરથી પ્રસારિત કરી શકાતો નથી.

પ્રાર્થનાઓ પણ વિવિધ ફ્રિક્વન્સી, જેને આપણે આરત કહીએ છીએ, દ્વારા ભીંજાઈને અવશપણાની, અનિવાર્ય તીવ્રતાએ પહોંચે તો જ સંભળાતી હોય છે.

પોતાના માટે, પોતાનાંને માટે કે પારકાંને માટે કરાતી પ્રાર્થનાઓમાં ઉત્કટતાનું પ્રમાણ કદાચ ઘટતું લાગે તેમ બને. પણ સ્વાર્થનું તત્ત્વ પણ એ જ ક્રમે ઘટનારું હોઈ સ્વાર્થ અને તીવ્રતા એક બીજાનો છેદ ઉડાડતાં રહે છે !

સમય વીતતાં જ્યારે ત્રણેય પ્રકારમાં તીવ્રતા ઘટતી જાય છે ત્યારે પ્રાર્થના એક જપમાળા બની રહે છે. કળીયુગમાં ત્રણ જ પુકારથી ઈશ્વર હાજર થઈ જશે એવું વચન કળીયુગે પરિક્ષિતને આપ્યું હતું પણ પુકાર, તીવ્રતા વિના વાંઝણો જ રહી જાય છે, કળીયુગમાં !

જપયજ્ઞો, વ્યક્તિગત કે સમૂહપ્રાર્થનાઓ, દેવમંદિરોની ભીડ અને ધાર્મિક ઉત્સવો વગેરેમાં પ્રાર્થનાનો ધ્વનિ શોરબકોરની તીવ્ર કક્ષાનો હોવા છતાં એમાં પુકારની તીવ્રતાનો/આરતનો, કહો કે યોગ્ય ફ્રિક્વંસીનો અભાવ હોઈ કળીયુગને એનું વચનપાલન કરવું પડતું નથી, ને એ તો એની કળીયુગ-ગીરી સરળતાથી કરતો જ રહે છે !!

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ : ક્રૂડ તેલમાં નરમાઈનો માહોલ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૫,૨૩,૪૮૭ સોદાઓમાં કુલ રૂ.૪૭,૯૦૪.૬૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૬૫૪.૩૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૪૧૨૪૩.૮૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૫,૯૦૯ સોદાઓમાં રૂ.૩,૧૯૭.૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૮૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૯૦૩ અને નીચામાં રૂ.૫૮,૭૬૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૧ ઘટી રૂ.૫૮,૮૪૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૪૭,૮૦૯ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭ ઘટી રૂ.૫,૮૫૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૩ ઘટી રૂ.૫૮,૫૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૯,૯૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૩૮૫ અને નીચામાં રૂ.૬૯,૮૩૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૧ વધી રૂ.૭૦,૨૨૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૨૨ વધી રૂ.૭૦,૩૩૨ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૨૧ વધી રૂ.૭૦,૩૪૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૮૬૪ સોદાઓમાં રૂ.૧,૩૭૯.૨૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૨૨.૬૫ના ભાવે ખૂલી, રૂ.૪.૧૫ ઘટી રૂ.૭૨૨.૮૫ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૧૯૬.૭૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫ ઘટી રૂ.૨૧૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૯૬.૮૫ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૩.૪૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪.૮૫ ઘટી રૂ.૨૦૯.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૩,૩૮૭ સોદાઓમાં રૂ.૨,૦૫૪. કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૭૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૫૨ અને નીચામાં રૂ.૬,૬૯૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૨ ઘટી રૂ.૬,૭૩૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૩૩ ઘટી રૂ.૬,૭૩૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩૦ના ભાવે ખૂલી, રૂ.૧૨.૯૦ ઘટી રૂ.૨૧૮.૯૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૧૨.૯ ઘટી ૨૧૯.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૩.૬૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૯૦૦ અને નીચામાં રૂ.૬૦,૪૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૦ ઘટી રૂ.૬૦,૫૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૩.૬૦ વધી રૂ.૮૯૪.૩૦ બોલાયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૧૯૧.૨૩ કરોડનાં ૨,૦૨૫.૩૨૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૦૬.૨૭ કરોડનાં ૨૮૪.૬૬૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯૨૯.૦૬ કરોડનાં ૧,૩૮૨,૦૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૨૪.૯૪ કરોડનાં ૫૦,૫૨૬,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૧૯.૧૭ કરોડનાં ૬,૦૪૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૧.૬૫ કરોડનાં ૨,૮૧૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૩૭.૪૬ કરોડનાં ૮,૮૨૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૫૭૦.૯૫ કરોડનાં ૨૭,૦૫૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૯૪ કરોડનાં ૮૧૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૮.૬૭ કરોડનાં ૨૦૮.૪૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૪૬૭.૫૧૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૨૮.૫૪૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૯૮૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૮,૫૮૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૮૦૦ ટન તથા જસત અને જસત-મિનીમાં ૪૦,૨૮૯ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭૩૦,૯૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪૯,૮૩૧,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૩૪૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૪૧૪.૩૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૬.૪૪ કરોડનાં ૮૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૯૧૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૭૦૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૨૯ અને નીચામાં ૧૫,૬૮૫ બોલાઈ, ૪૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫ પોઈન્ટ ઘટી ૧૫,૭૧૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૪૧૨૪૩.૮૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૪૪.૨૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૭૯.૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૪૪૧૦.૧૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૯૦૧.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૪૮૯.૩૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૭૨.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૯ અને નીચામાં રૂ.૭૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૯.૮૦ ઘટી રૂ.૮૯.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩ ખૂલી, ઉપરમાં રૂ.૯.૫૫ અને નીચામાં રૂ.૩ રહી, અંતે રૂ.૮.૪૫ ઘટી રૂ.૭.૨૦ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮૦ અને નીચામાં રૂ.૬૨૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪.૫૦ ઘટી રૂ.૬૫૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૯.૫૦ અને નીચામાં રૂ.૨૦૫.૫૦ રહી, અંતે રૂ.૧.૫૦ ઘટી રૂ.૨૩૬ થયો હતો.

# બલ્લારત ઓસ્ટ્રેલિયામાં સ્વતંત્રતા દિવસની ખૂબ જ ધામધૂમ અને ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી



૧૫ ઓગસ્ટ ૨૦૨૩ મંગળવારના રોજ વિક્ટોરિયા સ્ક્વેર, ટાઉન હોલ, બલ્લારત, ઓસ્ટ્રેલિયાની સામે ભારતીય મૂળના ભારતીય બલ્લારત મેયર ડેસ હડસન, ડેપ્યુટી મેયર એમી જોન્સન, કાઉન્સિલર બેલિન્ડા કોટ્સ અને બલ્લારત ઈન્ડિયન એસોસિએશનના પ્રમુખ ઈલાન્ગોવન શનમુગા સાથે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. . ,

સ્ટેજ ઓપરેશન આદરણીય ગીતા સુનિલ દ્વારા ખૂબ જ સરસ રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળ કલાકાર અર્જુને ગિટાર સાથે સુંદર રીતે જન ગણ મન ગીત ગાયું હતું અને ઉપસ્થિત તમામ ભારતીયોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે સુભાષ ગોદારા, પદ્મા ગીરી, હારિક વિમલ, ડાલિયા નવીન, રેણુકા જ્યોતિ, કુશાંગી રાગડવાલે પશુવાલા, સ્વર્ણ વેંતેધા, સુધા લોહત, કાસી રેડ્ડી, દિવ્યા આનંદ, નવીન મન્નાન, રાજીન્દર સિંઘ, પ્રિયમ પટેલ, પ્રદ્યુષ નારાયણન, નિત્યા વિમલ, વિ. સેમિના પીટર, જેવિયર સામાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત તરફથી ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા લોક કલ્યાણ યોજના પ્રચાર અભિયાન ૪૦૬૨ હરિયાણા રાજ્ય પ્રમુખ, હિન્દુ વેલફેર ફાઉન્ડેશન રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય પ્રમુખ સ્થાપક/ભાજપ આર્ટ કલ્ચર સેલ પાણીપત જિલ્લા સહ-સંયોજક/પન્ના પ્રમુખ/ પાનીપત દક્ષિણ શહેરી વર્તુળ મીડિયા ઈન્ચાર્જ, એકતા મંચના પત્રકાર. રાષ્ટ્રીય સંગઠન મંત્રી તેમના મોટા પુત્ર પુલકિત દહિયા સાથે હાજર હતા.

ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા તેમની વહાલી નાની બહેન નવી કૌર ચૌધરીનો પણ આભાર વ્યક્ત કરે છે, જેમના દ્વારા મને આજે બલ્લારત ખાતે સ્વતંત્રતા દિવસના કાર્યક્રમમાં હાજરી આપવાની તક મળી.

એક અદ્ભુત અને સારો કાર્યક્રમ, જેના માટે આદરણીય નાની બહેન નવી કૌર ચૌધરી અને ગીતા સુનીલ જી અભિનંદનને પાત્ર છે.

# અરવલ્લી જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી

અરવલ્લીમાં જિલ્લાકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી ભિલોડા ખાતે જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિક દ્વારા ધ્વજવંદન કરી ત્રિરંગાને સલામી આપાઈઅરવલ્લીમાં જીલ્લાકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી ભિલોડા ખાતે જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિકના અધ્યક્ષસ્થાને યોજાયો,જેમણે ધ્વજવંદન કરી ત્રિરંગાને સલામી આપી હતી.અનેક પ્રકારના સંસ્કુતિક કાર્યક્રમ સાથે ઉત્સાહભેર સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી.



જિલ્લા કલેક્ટરશ્રીએ આ શુભ દિવસે સંબોધન કરતા જિલ્લાના વિકાસની ઝલક આપી, જેમાં જણાવ્યું,આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં દેશ પ્રગતિ અને વિકાસની કૂચ આગળ ધપાવી રહ્યા છે. દેશદાઝ અને રાષ્ટ્રપ્રેમ સૌના દિલમાં આજે પણ અકબંધ રીતે રહ્યા છે. ભાઈચારો એક્તા અને અખંડીતાના દર્શન આપણને કરાવે છે. આપણો દેશ વિવિધ ક્ષેત્રે સામર્થ્યપૂર્ણ છે . આપણી પ્રગતિમાં દેશની સ્વયંનિર્ભરતાના દર્શન થાય છે.છેવાડાના માણસ સુધી સ્વરાજના મીઠાં ફળ પહોંચાડવામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારે કમર કસી છે.

# રણાસણ ગામે મેરી મટ્ટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો

ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે આઝાદીકા અમૃત મહોત્સવના ૭૫ વર્ષ પૂર્ણતાના આરે શહીદોને વંદન માટીને નમન કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિવિધ અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહી પંચ પ્રાણ પ્રતિજ્ઞા લધી હતી

સમગ્ર ભારત દેશ આઝાદીના એક રંગમાં રંગાયો છે ત્યારે વિવિધ જગ્યાએ ઠેર ઠેર કાર્યક્રમો યોજાયાઈ રહ્યા છે ત્યારે આજરોજ રણાસણ ગામે આવેલ પ્રાથમીક શાળાની અંદર મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સૌ પ્રથમ દિવ પ્રાગ્ટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો તેમજ ગામના વીર જવાનોનુ બુકે તેમજ તીરંગી સાલ આપી સન્માન



કરવામાં આવ્યું હતુ તેમજ રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગીત ગાઈ સલામી અર્પણ કરી હતી આ પ્રસંગે રણાસણ ગામના તલાટી કમ મંત્રી શ્રી કાજલબેન પટેલે હાજર મહેમાનો તેમજ ગ્રામજનોનુ શાબ્દિક સ્વાગત કર્યું હતું ત્યારબાદ ગામની અંદર બનાવેલ શીલા ફલકમનુ અનાવરણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ ગ્રામ સભા યોજાઈ હતી આ પ્રસંગે તાલુકામાથી આવેલ બીરજુભાઈ જાદવે જણાવ્યું હતું કે આઝાદીકા અમૃત મહોત્સવ દેશના વિર સપુતોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો અવસર છે તેમ જ ભારતના દરેક ગામથી કુંડીમાં માટી ભરી દિલ્હી પહોંચાડી તેની અમૃત વાટીકા બનાવવામા આવશે તેમ જ ગામના રણાસણ ગામના પૂર્વ શિક્ષક રામાભાઈ પટેલે જણાવ્યું હતું કે દરેક ગામની અંદર વીર સૈનિક હોવા જ જોઈએ તેમ જ દરેક વાલીઓને અપિલ કરી હતી. ર્ક દરેક માતા. પિતા પોતાના બાળકને શિક્ષણ આપી વિવિધ અધિકારીની સાથે સાથે ભારતીય પણ જોડાય તેવી અપીલ કરી સૈન્યમા હતીઆ પ્રસંગે રણાસણ તલાટી કમ મંત્રીશ્રી કાજલબેન પટેલ.સરપંચ શ્રી ભાનુમતિબેન પરમાર. ઉપ સરપંચ શ્રી તારાબેન પટેલ. પંચાયત વી.સી પોપટભાઈ પ્રજાપતી તેમજ પંચાયતના સદસ્યો .આરોગ્ય વિભાગ .બિરજુ ભાઈ જાદવ.દેવેન્દ્રભાઈ સાધુ .રમેશભાઈ ચૌધરીશિક્ષક ગણ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પંચ પ્રાણની પ્રતિજ્ઞા લીધી હતી

**રિપોર્ટર નિખીલ જોષી પાટણ બ્યુરો**



રોટરી ક્લબ ની યુથ વિંગ ઈન્ટરેક્ટ ક્લબ ઑફ ઋષિ વાલ્મીકિ નો ઈન્સ્ટોલેશન કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. પ્રમુખ પ્રીતિકા, સેક્રેટરી વિપુલ ગગલાણી, યુથ એવેન્યુ હેડ પંકજ પાથરફોડ, ડિરેક્ટર યુથ એવેન્યુ રઘુનાથ પ્રભુ હાજર હતા. ઈન્ટરેક્ટ ક્લબ ના પ્રમુખ તરીકે નુશરત,, સેક્રેટરી અનુષ્કા, ખજાનચી શ્રુતિ વાઘેલા ચૂંટાયા હતા. ઈન્ટરેક્ટ ક્લબ ઇ વેસ્ટ ભેગું કરવાનું, સ્વરક્ષા સેશન, કારકિર્દી માર્ગદર્શન વગેરે કાર્યક્રમ યોજવામાં આવે છે.

# ચાણસમા તાલુકા કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ વડાવલી ગામે યોજાયો




ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે આવેલ નુતન વિધાલયની અંદર ચાણસ્મા તાલુકા કક્ષાનો ૭૭ મા સ્વાતંત્રતા દિવસ ની ચાણસ્મા મામલતદાર શ્રી ભગવતીબેન ચાવડાના હસ્તે ઉજવણી કરવામાં આવી હતી

૧૫મી ઓગસ્ટના સ્વતંત્ર પર્વની દેશભરમા ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે તેમજ સમગ્ર દેશવાસીઓ દેશભક્તિ ના રંગમા રંગાઈ જઈ આ પર્વને ઉત્સાહભેર ઉજવે છે ત્યારે ગુજરાત રાજ્યની સાથે જિલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ પણ ઉજવણી કરવામાં આવે છે ત્યારે આજરોજ ચાણસ્મા તાલુકા કક્ષાના ધ્વજ વંદન કાર્યક્રમની ઉજવણી તાલુકાના વડાવલી ગામે મામલતદારશ્રી ભગવતીબેન ચાવડાના હસ્તે કરવામાં આવી હતી જેમાં સૌપ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન ગાઈ સલામી આપવામા આવી હતી ત્યાર બાદ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મામલતદાર ભગવતીબેન ચાવડા દ્વારા દેશભક્તિને અનુરૂપ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭મા આપડો દેશ આઝાદ થયો ભારત દેશને આઝાદ કરવા આપડા દેશના પનોતા પુત્ર શ્રી મહાત્મા ગાંધીનો બહુમુલ્ય ફાળો રહેલ છે શહિદ વીર ભગતસિહ .પ્રફુરામ ચાકી .ચંદ્રશેખર આઝાદ સહીત શહીદોએ પોતાના દેશ માટે બલીદાન આપ્યા છે સરદાર વલ્લભભાઈ પટેલે ૫૫૦ રજવાડા તેમજ કાશ્મીર જેવા દેશને ભારત સાથે જોડયા હતા તેમજ બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબને પણ યાદ કરી ભારત દેશ માટે તેમણે આપેલ બિલીદાનવિશે જણાવ્યુ હતુ તેમજ સમગ્ર વિશ્વમાં ભારતની એક વિકસીત દેશ તરીકે પણ છબી હોવાનુ જણાવ્યુ હતુ તેમજ જેમણે આપણને આઝાદી અપાવવા બલિદાન આપ્યા છે તેવા દેશવિરોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી ત્યારબાદ પ્રતિભાશાળી શિક્ષકોને મામલતદારશ્રીના હસ્તે પ્રશંસાપત્ર આપવામાં આવ્યા હતા ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા તેમજ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતું તેમજ આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો આ કાર્યક્રમની આભાર વીધી વડાવલી કુમાર શાળાના આચાર્યશ્રીએ કરી હતી આ પ્રસંગે ચાણસ્મા મામલતદારશ્રી ભગવતીબેન ચાવડા. તાલુકા વિકાસ અધિકારી શ્રી લક્ષમીબેન ઠાકોર .ચાણસ્મા પી. આઈ. નાયબ મામલાતદારશ્રીઓ . .ૐ. ડો.કલ્પેશ પટેલ. શાળા પરિવાર તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિતરહીકાયક્રમનેદિપાવ્યોહતો રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો

## ખુબ ખુબ અભિનંદન



**મારાં પરમ મિત્ર રાજેશભાઈ કુકરવાડીયા નું ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કાર્યક્રમ માં રાજ્યસભાના સાંસદ શ્રી કેશરીદેવસિંહજી ઝાલા, મોરબી જીલ્લા એસ. પી. સાહેબ તેમજ, ટંકારા પડધરી વિસ્તારના ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા અને સામાજિક સંસ્થાઓ ની ઉપસ્થિતી માં મોરબી જીલ્લા કલેક્ટર શ્રી પંડ્યા સાહેબ દ્વારા સન્માન કરવા માં આવ્યું જે ખુબજ ગર્વ ની વાત છે સમસ્ત અસાઈત પરિવાર વતી આપને ખુબ ખુબ શુભેચ્છા સાથે ખુબ જ ઉતરોતર પ્રગતિ કરો એવી શુભકામના ????**




### ૨૨૦કેવી મોટીપાનેલી સબસ્ટેશન ખાતે ના કંપાઉન્ડ માં સ્વતંત્રતા દિન ની ભવ્ય ઉજવણી:

# ૭૭ મો સ્વતંત્રતા દિનની ઉજવણી કરતા ૨૨૦કેવી મોટીપાનેલી સબસ્ટેશન ના અધિકારીઓ અને કર્મચારીઓ

સ્વતંત્ર ભારત ના ૭૬વર્ષ પૂર્ણ થતાં ૭૭માં સ્વતંત્રતા દિન ની ઉજવણી રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના પાનેલીમોટી ખાતેના ૨૨૦કેવી મોટીપાનેલી સબસ્ટેશન ખાતે અધિકારી તેમજ કર્મચારી દ્વારા કરવામાં આવી હતી .આપ્રસંગે નાયબ ઈજનેર આર જે રાવલિયા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યુંહતું. આ દરમિયાન નાયબ ઈજેનર એમ એચ ગજેરા, આર કે ચૌધરી તેમજ જુનિઅર ઇજનેર વી એ હદવાણી સહિત અન્ય કર્મચારીઓ અને એક્ષ આર્મી મેન સુરુભા વાળા ઉપસ્થિતિ રહ્યા હતા.દરેકે રાષ્ટ્રગીત ગાય તીરંગાને સલામી આપી સ્વતંત્રતા દિનની ભવ્ય ઉજવણી



કરી હતી.તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીરગતિ પ્રાપ્ત થયેલ જવાનો યાદ કરી સલામી આપી ભારત માતા કી જય ના નારા સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિ મય થઈ ગયુ હતુ.આ પર્વ નિમિતે પાનેલી સબસ્ટેશન ના અધિકારી ઓએ કર્મચારીઓ ને સંબોધન કરતા જણાવ્યું આપણે સ્વાતંત્ર્ય સેનાની ઓએ આપેલા બલિદાન અને મહાન દેશ ભક્તો ને ક્યારે ભૂલવા ન જોઈએ.દરેક વ્યકિત એ રાષ્ટ્રના વિકાસ માં કાર્ય કરી રાષ્ટ્ર ના નિમાર્ણમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

આમ ખુબજ હર્ષ ઉલાસ સાથે ઉત્સવ ની જેમ ૭૭ મો સ્વતંત્રતા દિવસ ઉજવામાં આવ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.